# રીયલ સિરીયલ

## ખિલાડી ખતરામાં કે અને મેકર્સ ડેન્જરમાં




હાલ રોહિત શેટ્ટીની ફિલ્મો કરતા તેના ખતરોં કે ખિલાડીની 15મી સીઝન વિશે ઘણી વાતો થઈ રહી છે છે, શોના મેકર્સએ રિયાલિટી ટીવી શોના પાર્ટિસિપન્ટ્સ માટે સેલિબ્રિટીઓનો કોન્ટેક્ટ કરવાનું શરૂ કર્યું છે. જેમાં સૌથી વધારે વાતો થઈ રહી છે કે એલ્વિશ યાદવ તેમાં પાર્ટ લઈ છે અને તેના ફેન્સને આશા છે કે આ સમાચાર સાચા હશે. અંદરની વાતો મુજબ અત્યાર સુધી, વિશાલ કોટિયન, ગૌતમ ગુલાટી, મલ્લિકા શેરાવત, અવિનાશ, શગુન પાંડે, ચુમ દરંગ, ગોરી નાગોરી, બસીર અલી, ક્રુશાલ આહુજા, એલ્વિશ યાદવ અને અન્ય જેવા સેલિબ્રિટીઓનો કોન્ટેક કરવામાં આવ્યો છે. આ રિયાલિટી ટીવી શોના ઑડિયન્સ ખૂબ જ મોટુ છે અને સિઝન 15 પછી, નવી સિઝનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે પણ વાત એમ છે કે બિગ બોસ 19, ખતરોં કે ખિલાડી 15 આ વર્ષે નહીં થાય? સતત થઈ રહેલા TRPના ઘટાડાના કારણે નિર્માતા પીછે હઠ કરી રહ્યા તેવું લાગી રહ્યું છે. મોટા મોટા સ્ટાર્સને જોડવામાં આવ્યા છે, ઘણા ઈન્વેસ્ટમેન્ટ બાદ પણ TRP નહિ વધતા અત્યારે શો થશે કે નહિ તેની પર જ સવાલ થઇ રહ્યા છે. ખતરો કે ખિલાડી અને મેકર્સ ડેન્જરમાં! કલર્સ ટી.વી.માં હાલ તો લાફટર સેફમાં એલ્વિશ યાદવ કોમેડી સાથે સાથે કૂકિંગ કરી રહ્યો છે. ●

## ઇન્ડિયન આઇડલ-15ની વાત અંદરની

કોલકાતાની માનસી ઘોષ ઈન્ડિયન આઈડલ 15ની વિનર બની છે. માનસીએ માત્ર 4 વર્ષની ઉંમરે ગાવાનું શરૂ કર્યું હતું. ઈન્ડિયન આઈડલ પહેલા માનસી સુપરસ્ટાર સિંગર સિઝન 3નો પણ ભાગ રહી ચૂકી છે. આમાં તે ફર્સ્ટ રનર અપ રહી હતી. ગાવાની સાથે માનસીને ડાન્સનો પણ ખૂબ શોખ છે. પણ અહીં મજેદાર વાત એ છે કે આ શો જીતે પહેલા તો માનસી ઘોષે બોલીવૂડમાં ડેબ્યૂ પણ કરી લીધું છે. માનસીએ તેનું પહેલું બોલિવૂડ ગીત પણ રેકોર્ડ કર્યું છે, 'મન્નુ ક્યા કરોગે' માટે ગાયક શાન સાથે ગીત ગાયું છે. આની સાથે સાથે શોના વિનર તરીકે એક ચમચમાતી ટ્રોફી, રૂ. 25 લાખનો ચેક અને નવી કાર મળી એ અલગ. એમ તો આ સિઝનમાં ટોપ 5માં આવેલા બધા જ સિંગરો સારા છે તેમાં કોઈ શંકા નથી, સ્નેહા શંકર કમાલની ગાયિકા છે, સ્નેહાના અવાજથી બધા ભાવુક થઈ જતા. પણ હાલમાં અંદર ખાને એવી ગણગણાટ થઈ રહી હતી કે ઈન્ડિયન આઈડલ 15માં માનસી ઘોષ વિજેતા જાહેર થતા અનિરુદ્ધ સુસ્વરમ, આદ્યા મિશ્રાએ મેકર્સ પર છેતરપિંડીનો આરોપ લગાવ્યો હતો. તેમનું કહેવું હતું કે માનસી લાયક નથી તેણે ચિટિંગ કરી છે! ખેર ઈન્ડિયન આઈડલ 15 સમાપ્ત થઈ ગયું છે. અને તેમને લગાવેલા આરોપ પણ. પૈસા અને કામ અને મળી ગયા પછી માનસી પર આવા આરોપ લાગે તો પણ શું! ●




શો-બાજ

# Master chef

# ગૌરવ સાથે ગપશપ




**ગૌરવ ખન્નાના ફેન્સ, પરિવાર અને તે પોતે પણ હાલ ઘણું ગૌરવ અનુભવી રહ્યા હશે, કેમ નહિ હોય? હવે તે સેલેબ્રિટી માસ્ટર શેફ બની ચુક્યો છે. અનુપમાથી ઓળખીતો થયેલો ગૌરવ CID, કુમકુમ અને ભાભી જેવી સિરિયલમાં ચમકી ચુક્યો છે, 41 વર્ષનો ગૌરવ કાનપુરથી મુંબઈ MBA કરવા આવ્યો હતો વચ્ચે સિરિયલ કરી પછી કંઈ ન કર્યું, પછી અનુપમા અને હવે માસ્ટરશેફ બની ચુક્યો છે! શો જીત્યા પછી તેનામાં શું બદલાવ આવ્યો? આવો જાણીયે**

### આ સેલિબ્રિટી માસ્ટરશેફ જીતવાનો અનુભવ કેવો રહ્યો?

અદ્ભુત; અદ્ભુત એટલા માટે કે, મેં ખરેખર અપેક્ષા નહોતી રાખી. સેલિબ્રિટી માસ્ટરશેફમાં મારી સફર લાંબી રહી છે. મેં હંમેશા દરેક એપિસોડમાં દરેક ટાસ્કમાં વધુ સારું કરવાનો પ્રયાસ કર્યો, શીખતો રહ્યો અને સતત સુધારો કરતો રહ્યો. મારી સ્પર્ધા તો મારી પોતાની સાથે જ હતી, આ શોએ સાચે ઘણું બધું શીખવાડ્યુ છે.

### તમને કૂકિંગમાં ઇન્ટરેસ્ટ ક્યારથી થયો?

મોટાભાગના પુરુષોની જેમ, મે ભાગ્યે જ રસોડામાં પગ મૂક્યો. ઘરથી દૂર ભણતી વખતે રાતે ભૂખ્યા ઊંઘવું ન પડે એટલું બનાવતા શીખી ગયો હતો. લોકડાઉન દરમિયાન, મેં ઘરે વીડિયોઝ જોઈને અલલગ અલગ પ્રયોગ કરવાનું શરૂ કર્યું. શરૂઆતમાં, તો બસ ટાઈમપાસ કરવાનો એક રસ્તો હતો, પરંતુ મને ખબર નહોતી કે તે મને માસ્ટરશેફ જેવા શોમાં લઈ જશે. ઑડિયન્સનાં પ્રેમ અને ભગવાનનાં આશીર્વાદથી, બધું જ પાર પડી ગયું.

### શો જીત્યા પછી પત્ની આકાંક્ષા માટે કોઈ સ્પેશ્યલ ડિશ બનાવી છે?

હજુ સુધી નથી! તે ખૂબ ઓછું ખાય છે અને શાકાહારી છે. તે તેના શૂટિંગમાં પણ ખૂબ બિઝી છે. પણ યોગ્ય સમય આવશે ત્યારે હું ચોક્કસપણે તેના માટે કંઈક ખાસ બનાવીશ.

### પોતાની રેસ્ટોરન્ટ ખોલવાની કોઈ પ્લેનીંગ?

ગૌરવ (હસે છે) હવે આ વિશે ખોટી ખબરો ફરતી રહેશે પણ સાચું કહું તો, આ આઈડિયા ખરાબ નથી. હું 'ના' ક્યારેય કહેતો જ નથી. આ શોએ મારા માટે એક નવો રસ્તો ખોલ્યો છે, અને મને ખરેખર તેનો આનંદ આવી રહ્યો છે. હવે, જ્યારે હું કોઈ રેસ્ટોરન્ટની મુલાકાત લઉં છું, ત્યારે હું દરેક વસ્તુને અલગ રીતે જોઉં છું - પ્લેટ કેવી રીતે સેટ થાય છે, બેઝ કેવી રીતે બને છે, નાનીનાની ડિટેઈલ્સ. જેમ એક અભિનેતા ફિલ્મને કેવી અલગ રીતે જુએ છે, એક્ટિંગ, ડિરેક્શન, કેમેરા વર્ક - એમ હું હવે ફૂડને જોઉં છું. જો કે હમણાં માટે મારી પાસે રેસ્ટોરન્ટ ખોલવાની કોઈ પ્લેનીગ નથી. જોઈએ કે ભવિષ્ય શું થાય છે.

### વિકાસ ખન્ના અને રણવીર બરાર અને ફરહા ખાન સામે કુકિંગ કરવાનો અનુભવ કેવો હતો?

ચોક્કસ થોડો ગભરાટ હતો. જ્યારે પણ તમે કંઈક પણ નવું શરૂ કરો છો, ત્યારે તમારા પેટમાં પતંગિયા ઉડતા હોય છે. જો કે તે સારી વાત છે - તે તમને જમીન પર રાખે છે અને તમે ફોકસ્ડ રહો છે. આટલા મોટા સેફ સામે રસોઈ બનાવવી એ અમિતાભ બચ્ચન સામે એક્ટિંગ કરવા જેવું જ લાગતું, પણ ફરહા, વિકાસ. રણવીર બધા જજ તરીકે ખૂબ સ્પષ્ટ હતા, મારી ભૂલ અને તારીફ બંને ખૂબ સાચી લાગતી

### તેજસ્વી પ્રકાશ અને નિક્કી તંબોલી સાથેના લાસ્ટ સ્ટેજમાં કોમ્પિટીશન કેવું રહ્યું?

શો દરમ્યાન અમારો સંબંધ ખૂબ જ સારો હતો, હું તેજસ્વીને શો પહેલા જ જાણતો હતો, તે મારી પત્ની આકાંક્ષાની સારી મિત્ર છે. હું તેને 'તેજા' સ્ટાર બની તે પહેલાંથી જ ઓળખું છું. અન્યાની વાત કરીએ તો, તેની મારી પહેલી મુલાકાત હતી. ઉષા તાઈ (ઉષા નાડકર્ણી), ફૈઝલ શેખ, નિક્કી તંબોલી અને રાજીવ આદતિયા સાથે મારો ખૂબ જ સારો સંબંધ હતો. નિક્કીને જોઈ હું શોકડ હતો કે તે કેટલી મહેનતુ અને ફોકસ્ડ હતી.

### તો આ શોમાં કઈ રીતે જોડાયા પછી શું બદલાવ આવ્યો?

મારા ફેન્સ જાણે છે કે મને અલગ અલગ જગ્યાએથી નવી શાકાહારી વાનગીઓ ખાવાનો કેટલો શોખ છે. હું આ શોમાં ટેબલની બીજી બાજુ રહેવાનો અનુભવ સમજવા ગયો - ખરેખર સારી વાનગી કેવી રીતે બને છે તે શોધવા માટે. ટેસ્ટ, ટેકનીક અને પ્રેઝેન્ટેશન વિશે વધુ શીખ્યો. આર્ટિસ્ટ જેમ વધારાની માટી કાઢીને મૂર્તિને આકાર આપે છે, તેમ મેં સમય જતાં મારી સ્કીલ સુધારી. રસોઈયાઓએ અમને સારી રીતે તાલીમ આપી, અને હું એક્સપરીમેન્ટ કરતો રહ્યો; ક્યારેક તે કામ કરતું હતું, ક્યારેક તો કામ કરતું નહોતું, પરંતુ તે હંમેશા શીખવાનો અનુભવ હતો.

## સીન સરખા સિરિયલ જુદી





કો કહેવાય છે કે સાંભળેલું ભૂલાઇ શકે પણ જોવાયેલું આસાનીથી ભૂલાઇ નહીં. ઓડિયન્સ હોશિયાર અને સભાન છે. ટી.વી. સિરિયલો આપણે ત્યા ખૂબ લોકપ્રિય છે. કહાની, કેરેક્ટર કે ડાયલોગ ઓછા પડે ત્યારે મેકર્સ પ્રસંગો, તહેવારો અને લગ્ન, મરણનો સહારો લેતા હોય છે જેથી સિરિયલ વધુ લાંબી ખેંચી શકાય. આવું કરવામાં ક્યારેક મોટી ભૂલ પણ કરી જતા હોય છે. આવી ભૂલ થઇ 'ગુમ હૈ કિસી કે પ્યાર મેં' સીરિયલમાં. જેમાં તેજસ્વિની-નીલના લગ્નનો સીન 'યે રિશ્તા ક્યા કહેલા તા હૈ' ની અભિરા-અરમાન સ્ટોરીમાંથી કોપી કરવામાં આવ્યો છે!

નીલ અને તેજસ્વિનીએ 'ગુમ હૈ કિસીકે પ્યાર મેં'માં લગ્ન કર્યા હતા તે આખો સીન પહેલે થી જ જોયો હોય તેવું જોતી સન્નારીઓને લાગ્યું. 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ'માં હૈ ની અભિરા-અરમાનની સ્ટોરીમાં.

એટલે ફેન્સે આ સિરિયલનાં સરખા સીન્સ શોધી કાઢ્યા હતા. ઈન્ટરનેટ પર આ ભૂલ કે કોપીનો વીડિયો વાયરલ થયો છે. સિરિયલ પહેલાથી ખરાબ TRPનો સામનો કરી રહી છે. ભાવિકા અને હિતેશ શો છોડી ગયા ત્યારથી રેટિંગમાં ઘટાડો થયો હતો. એમાં પણ આવા કોપી સીન આવે તો લોકો આ સિરિયલ સાથે પોતાનો સંબંધ તોડી નાખતા જરા અચકાશે નહી. ●

નખરેવાલી

# મૌની ક્યારે થશે સહુની?!



મૌની રોયનું મૌન બહુ તરત ખૂલતું નથી. એક ફિલ્મમાં કામ કરે ને પછી ચૂપ થઈ જાય. ફરી લાંબા સમયે બીજી ફિલ્મ આવે ત્યારે મૌન પૂરું થાય. આમ તો તે 'નાગિન' તરીકે જાણીતી છે પણ ફૂંફાડા સંભળાતા ન હોય ત્યારે સમજવાનું કે તે દરમાં છે. જોકે હવે તે તેના 'નાગિન' પણાથી કંટાળી છે અને જરા આગળ વધી 'ભૂતની' બની છે. તે શું માણસમાં રહેવા નથી માંગતી? 'બ્રહ્માસ્ત્ર'નું ઝૂનુન આગળ વધવું જોઈએ ત્યારે તે 'ભૂતની' બની છે.

મૌની રોય ટી.વી. સ્ક્રિન પરથી ફિલ્મના પડદે આવી હતી અને ફરી ટી.વી. સ્ક્રિનને વહાલુ કરે છે. ટી.વી. નહીં તો મ્યુઝિક વિડીયો અને તેથી તે ફિલ્મના પડદે ઓછી દેખાય છે અથવા ફિલ્મવાળા તેને ખૂલ્લા દિલે સ્વિકારી નથી શક્યા એટલે ફિલ્મ સિવાયનાં કામ લીધા કરે છે. પણ મૌની 'ધ ભૂતની' ફિલ્મ માટે તે વધારે આશા રાખતી હશે કારણકે આખી ફિલ્મ એ ભૂતની પર જ ઊભી છે. મૌનીને લાંબા સમય પછી તે એવી ફિલ્મમાં આવી છે કે જેના કેન્દ્રમાં તે હોય. ભલે ભૂતની તો ભૂતની. આવા પાત્રમાં હો તો પડદા પર ઓછા દેખાતા હોય તો પણ પ્રેક્ષકનાં મનમાં રહો છો. મલયાલી બિઝનેસમેન સુરજ નાંબિયારને પરણેલી મૌની રોય યોગ્ય ઉડાન ભરી શકી નથી. આ કારણે જ તે જુદા જુદા કામો કરે છે. બે વર્ષ પહેલાં તેણે મુંબઈમાં 'બદમાશ' નામે રેસ્ટોરાં શરૂ કર્યું છે. તેને રેસ્ટોરાંનું નામ મળ્યું તે પણ- બદમાશ? ખેર! તે હવે બીજા રસ્તા અપનાવી રહી છે તે નક્કી. તેની પાસે વધારે ફિલ્મો આવતી નથી. 'ધ ભૂતની' પછી 'સલાકાર' માં તે આવી રહી છે અને કહે છે કે તેમાં તે ચેલેન્જિંગ અને ટ્રાન્ફોર્મેટિવ ભૂમિકામાં છે અને પોતાની ટેલેન્ટ બતાવશે. એ ફિલ્મનું શૂટિંગ પણ પૂરું થયું છે. આ ફિલ્મ ઝડપભેર રજૂ થવામાં છે. મૌની આશા રાખે છે કે તેની બંને ફિલ્મો તેને નવી ઊંચાઈ આપશે કારણ કે બંનેમાં તેની જ ભૂમિકા મુખ્ય છે. મૌની કહે પણ છે કે મારું ફોક્સ એવી ભૂમિકાઓ પસંદ કરવા પર છે કે જે મારી પ્રતિભાને નિખારી શકે. મૌની માટે કહી શકાય કે તે પોતાની રીતે એકલી આગળ વધી છે અને મોટા સ્ટાર્સની ફિલ્મો પર લોકપ્રિયતા મેળવવાનું તેનું વલણ નથી. તે ઓછું કામ કરે છે પણ ગમે તે ફિલ્મમાં કામ કરવાથી બચે છે. બસ, આ કામ તેને એક ઊંચુ સ્થાન અપાવે તો કહી શકાય કે તે જે બોલે છે તે યોગ્ય છે. ●

**ફિલ્મવાળા તેને ખૂલ્લા દિલે સ્વિકારી નથી શક્યા એટલે ફિલ્મ સિવાયનાં કામ લીધા કરે છે. પણ મૌની 'ધ ભૂતની' ફિલ્મ માટે તે વધારે આશા રાખતી હશે**